(તસવીર : રમેશભાઈ વૈષ્ણવ)





## ખેડબ્રહ્મામાં પતંગ રસિયાઓએ ઉલ્લાસભેર મકરસંક્રાંતિનું પર્વ ઉજવ્યું

ખેડબ્રહ્મામાં વહેલી સવારથી જ પતંગ રસિયા ધાબા પર ચડી ગયા હતા. સવારથી સારા પ્રમાણમાં પવન ફુંકાતા પતંગ રસિયા આનંદમાં આવી ગયા હતા. જયારે શહેરની સ્ત્રીઓએ ઉત્તરાયણના મહત્વ પ્રમાણે દાન કરી ઉત્તરાયણ ઉજવી હતી. બપોર બાદ પવન ફુંકાતા અમુક લોકોના પતંગ દોરી ખલાસ થઈ ગયા હતા. ઉત્તરાયણ નિમિત્તે ખેડબ્રહ્મા શહેરના મંદિરોમાં પણ પતંગથી શણગારી દેવામાં આવ્યા હતા. રાધાકૃષ્ણ મંદિરના પૂજારી જસવંતભાઈ પંડયાના જણાવ્યા પ્રમાણે દર સાલ ૧૦૦ થી ૧૫૦ પતંગથી મંદિર શણગારવામાં આવે છે.

## ચિલોડા મોટા ઈન્દિરાનગરમાંથી જુગાર રમતાં પાંચ શકુનિ પકડાયા


ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના ચિલોડા ગામના એપ્રોચ રોડ નજીક આવેલ ઈન્દિરાનગરમાં રહેતા જુગાર ખેલતા પાંચ ઈસમોને પોલીસે પકડી મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ ચિલોડા ગામના મુખ્ય પ્રવેશદ્વારે આવેલ ઈન્દિરાનગર સોસાયટીમાં ઉત્તરાણ પર્વના દિવસે બપોરે એક મકાનના ધાબા પર ત્યાંના રહીસ પાંચ યુવાનો દ્વારા જુગાર રમતાં હતા ત્યારે પોલીસે રેડ પાડતાં જુગાર ખેલતા બકાજી છનાજી ઠાકોર, રમેશભાઈ કરશનભાઈ મારવાડી, પ્રકાશભાઈ અગરાજી મારવાડી, ચેતનભાઈ બેચરભાઈ મારવાડી, રમેશભાઈ માંગીલાલ મારવાડી વગેરેની પોલીસ પકડી તેમની પાસેથી રૂ. ૧૦૮૦ રોકડા, ૫ મોબાઈલ જેની કિંમત ૯૦૦ તેમજ સાહિત્ય જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ચિલોડા વિસ્તારમાં ઉત્તરાયણ પર્વની ઉમંગભેર ઉજવણી થઈ





ચિલોડા, તા. ૧૫

ગુજરાતમાં મકરસંક્રાંતિનો પર્વ ખૂબ ધામધૂમથી ઉજવણી કરવામાં નાગરિકોએ મિજાજથી પતંગ રસિયા, ઉંધિયુ-જલેબી-ફાફડાનો રસ્સ્વાદ માણી-દાનપુણ્ય કરી દિવસભર ભારે મોજમજામાં દિવસ પસાર કરી ભારે ઉજવણી કરી હતી. પતંગરસિયાઓ પર્વને માણવા-લૂંટવા વહેલી સવારથી પોત-પોતાના ધાબા પર ડી.જે. મ્યુઝીકના સંગીતના સુરાવલીથી વાઈબ્રન્ટના રંગે રંગાઈને ચાર દિવસના રજાના દિવસોનો પુરોપુરો લાભ ઉઠાવવા પતંગરસિયાએ રસ દાખવ્યો હતો. જયારે ઉંધિયુ-જલેબી-ફાફડાથી મહેફિલ માણવા ફરસાણની દુકાનોમાં ભારે ભીડ જોવા મળી હતી.

જયારે દાન-પુણ્ય કમાવવા ધાર્મિક લોકોએ ગાયોને જુવારના કિંમતી સુકા પુળા ખરીદી ખવડાવવા ભારે ઉત્સુકતા દાખવી હતી. જયારે પર પ્રાંતિય રાજસ્થાની મહિલાઓએ પક્ષીઓને જુવારના દાણા ખવડાવવા ચિલોડા પંખી ઘરે આવી હતી. જયારે ઈસનપુર મોટા ખાતે ગામની વાડીમાં ૧ હજાર કિલો ચટાકેદાર ઉંધિયુ બનાવતાં ગ્રામજનોએ મોટી સંખ્યામાં ખરીદી કરવા લાંબી કતારો લગાવી હતી.

# વિરોધપક્ષના નેતાની પસંદગીનો મામલો વિલંબમાં પડ્યો

ગાંધીનગર, તા. ૧૫

વિપક્ષ કોંગ્રેસના નેતાની પસંદગીનો મામલો વિલંબમાં પડવા પામ્યો છે. કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક જ્યારે મળશે ત્યારે વિપક્ષના નેતાની પસંદગી કરીને વરણી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો પરાજય થતાં હવે વિપક્ષમાં બેસવાનો વારો કોગ્રેસને આવ્યો છે. પરંતુ હવે વિપક્ષ કોંગ્રેસમાં વિપક્ષના નેતા કોને બનાવવા એ અંગે મોવડીમંડળ દ્વિધામાં મુકાયું છે.

હાલમાં ગુજરાત કોંગ્રેસ પક્ષમાં કોઈ એવા સીનીયર ધારાસભ્યો નથી જે ગૃહમાં સંસદીય બાબતોના જાણકાર હોઈ કોંગ્રેસના અનુભવી અને સંસદીય બાબતોના જાણકાર હતા તેવા નેતાઓ ચૂંટણીમાં હારી જતાં હાલ વિપક્ષ કોંગ્રેસ સાવ નેતા વિહોણું બન્યું છે.

વિપક્ષના નેતા પદ માટે કોંગ્રેસમાં હોડ જામી છે. આમ તો ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલાનું નામ મોખરે છે. પરંતુ તેઓ આ પદ સ્વીકારવા તૈયાર નથી. આ ઉપરાંત સૌરાષ્ટ્રના પટેલ સમાજમાં સારૂ પ્રભુત્વ ધરાવતા વિઠ્ઠલ રાદડીયા, તેમજ જશુભાઈ બારડ, મોહનસિંહ રાઠવા પણ વિપક્ષીનેતા પદની હોડમાં છે.

આ ધારાસભ્યોમાંથી કોને વિપક્ષી નેતા બનાવવા એ અંગેનો આખરી નિર્ણય તો કોંગ્રેસ હાઈકમાન્ડ જ લેશે. જો કે વિપક્ષી નેતાની પસંદગીને લઈને પક્ષમાં આંતરીક જુથબંધી અત્યારથી જ શરૂ થવા પામી છે. અને તેને લઈને જ હજુ સુધી વિપક્ષી નેતા તરીકે કોઈની પસંદગી પક્ષ દ્વારા કરી શકાઈ નથી.

ગુજરાત વિધાનસભાનું સત્ર મળે તેના એક દિવસ અગાઉ કોંગ્રેસ વિધાનસભા પક્ષની એક બેઠક મળનારી છે. આ બેઠકમાં કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા એક નિરીક્ષકની નિમણુંક કરવામાં આવશે અને ધારાસભ્યોના મંતવ્યો જાણ્યા બાદ હાઈકમાન્ડ દ્વારા વિપક્ષી નેતા તરીકે જેમનુ નામ નક્કી કરાયું હશે તે નામની જાહેરાત કરીને વિપક્ષી નેતા તરીકે નિમણુંક કરવામાં આવશે.

આમ હાલ વિપક્ષ કોંગ્રેસના નેતાની પસંદગીનો મામલો વિલંબમમાં પડવા પામ્યો છે અને તેના કારણે હાલ કોંગ્રેસ નેતા વિહોણી બની ગઈ છે. આમ પણ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને કારમો પરાજય મળતાં હજુ કોંગ્રેસને કળ વળી છે.

# સાબરકાંઠા જિલ્લામાં જુદા જુદા સ્થળે ત્રણ અકસ્માત : ત્રણના મોત

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના અલગ અલગ ત્રણ સ્થળો પર અકસ્માતો સર્જાયા હતા. તે બનાવમાં ત્રણના મોત અને એક વ્યક્તિને ઈજા થયેલ. આ બાબતે જુદા જુદા પોલીસમથકે ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મેઘરજ તાલુકાના સેંધ્યા ગામની સીમમાં મેઘરજ બાજુથી ઉન્ડવા જતા રોડ ઉપર જીપચાલકના ડ્રાઈવર પોતાના કબજાની ગાડી બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી સામેની બાજુએથી આવતી મોટરસાયકલને સામેથી ટક્કર મારતા ચાલક આસીફભાઈ હુસેનભાઈ પટેલ, રહે. સીમલવાડા બસ સ્ટેન્ડ મુ.પો. તા. સીમલવાડાનાઓનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. જેની તપાસ મેઘરજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ટી. ઉદાવતીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજા એક બનાવમાં પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામની સીમમાં ગતરોજ તલોદ મજરા રોડ ઉપર એક અજાણ્યા આઈવા ડંપરના ચાલક પોતાના કબજાનું ડંપર તલોદથી મજરા તરફ પુરઝડપે અને ગફલતથી હંકારી લાવી મોટરસાઈકલ ઉપર જતા વિનોદભાઈ સમસુમેર પાલ રહે. ઘડકણનાઓને ટક્કર મારી ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી. સ્થળ ઉપર જ મોત તયું હતું અને ડંપરચાલક ડંપર લઈ નાસી ગયેલાની પ્રાંતિજ પોલીસ સ્ટેશન રાજુભાઈ સમસેર પાલ રહે. ઘડકણ ફરીયાદ નોંધાઈ હતી.જેની તપાસ પો.ઈ. પ્રાંતિજ એમ.ડી. ઉપાધ્યાયએ ગુનો નોંદી કાયદેસરની કાર્યવાહી હાત ધરી હતી. ત્રીજો બનાવ પ્રાંતિજ તાલુકાના કમાલપુર ગામની સીમમાં નેશનલ હાઈવે નંબર-૮ પર ગતરોજ અજાણ્યો ટોયાટા ગાડી ચાલક પોતાના કબજાની ટોયોટા ગાડી બેદરકારી રીતે અને ગફલતભરી રીતે ચલાવી રીન્કુબેન સૈલેન્દ્રસિંહ ચૌહાણ ઉં.વ. ૯ રહે. બાલીસણાના પ્રાંતિજનાઓએ ટક્કર મારી ઘટનાસ્થળ પર મોત નિપજાવી નાસી ગયયેલાની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશને પો.સ.ઈ. એ.આર. શાહ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## નગરપાલિકાની ચૂંટણી જાહેર થતાં પ્રાંતિજમાં રાજકીય ગરમાવો

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણીનું જાહેરનામુ પડતાં જ બંને રાજકીય પક્ષોએ નગરપાલિકા કબ્જે કરવા કશરત શરૂ કરી છે. બંને રાજકીય પક્ષોમાંથી મેન્ડેટ મેળવી ઉમેદવારી નોંધાવવા તેમજ પક્ષમાંથી મેન્ડેટ ન મળે તો અપક્ષ ફોર્મ ભરી લડવા માટે કાર્યકરો તૈયાર છે. આજે સવારે ભાજપના કાર્યકરોની બેઠક દશામાતા મંદિરના હોલ ખાતે મળી હતી. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આજે સવારે ભાજપના કાર્યકોની બેઠક પ્રાંતિજના દશામાતાના હોલમાં યોજાઈ હતી. બેઠકમાં પ્રાંતિજના સાતેય વોર્ડ તમામ ટેકેદારો, દાવેદારો, ઉમેદવારો સહિત ભાજપના કાર્યકરો સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

બેઠકમાં પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, ભાજપના આગેવાન જયેન્દ્રસિંહ ચૌહાણ, પૂર્વ પ્રમુખ નિત્યાનંદ બ્રહ્મભટ્ટ, નિરીક્ષકો ભીખીબેન, મહેશભાઈ ઉપાધ્યાય, જે.ડી. પટેલ, મંત્રી રાજુભાઈ અને રતિલાલ ટેકવાણી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરના સવગઢ ગામે નજીવી બાબતે તકરાર : મારી નાંખવાની ધમકી

હિંમતનગર, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના સવગઢ વિસ્તારના કીફાયતનગર મુકામે નજીવી બાબતે તકરાર થતાં પાઈપ લાકડીથી હમલો કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપ્યાની હિંમતનગર ગ્રામ્ય પોલિસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તા. ૧૪-૧-૨૦૧૩ને સાંજના ૬.૩૦ કલાકના સુમારે સવગઢના કીફાયતનગર મુકામે ઈકબાલભાઈ ગફુરભાઈ શેખને ગાળો બોલી કહેલ કે તમારી દીકરીઓ મારી દીકરીની ખોટી ખોટી વાતો કેમ કરે છે તેમ કહેતા ઈકબાલભાઈ શેખ તથા સાહેદોએ દાળો બોલવાની ના પાડતાં આરોપીએ ઉશ્કેરાઈ જઈ કાદરભાઈ ઉસ્માનભાઈ કુરેશી રહે. કીફાયતનગર (સવગઢ)ના હિંમતનગરનાઓએ તેના હાથમાંની પાઈપ અબ્દુલકાદર યુસુફભાઈ કુરેશીના લમણાના ભાગે મારી તથા સામદભાઈ ઉર્ફે કાલુભાઈ સલીમભાઈ કુરેશીએ તેના હાથમાંની લાકડી અબુલકર યુસુફભાઈ કુરેશીને માથાની ડાબી બાજુ મારી તથા ફરીદાબાનુ કાદરભાઈ ઉસ્માનભાઈ કુરેશીએ ફાતમાબેન યુસુફભાઈ કુરેશીને છુટી ઈંટ છાતીના ભાગે મારી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાની હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશને ઈકબાલભાઈ ગફુરભાઈ શેખ રહે. કીફાયતનગર ઘર નં. ૧૪૦ સવગઢ તા. હિંમતનગરનાઓએ તા. ૧૪-૧-૧૩ના રોજ ફરીયાદ નોંધાવી હતી આ અંગે ગ્રામ્ય પો.સ.ઈ. આર.ડી. સગરે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા વચ્ચેના ગરનાળાના બોગસ કામથી લોકોમાં રોષ

લક્ષ્મીપુરા, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામ પાસે આવેલ મહાકાળી મંદિરના ગરનાળાના કામમાં હલકી ગુણવત્તાનું મટીરીયલ્સ વાપરીને ગરનાળુ બોગસ બનાવ્યું હોવાની ચર્ચા ગામલોકો કરતા નજરે પડે છે.

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ગામના મહાકાળી મંદિર પાસે ગરનાળાનું કામ ચાલી રહ્યુંછે. પરંતુ ગરનાળાના કામમાં હલકી ગુણવત્તાનો સામાન અને મટીરીયલ્સ વાપરી ગરનાળુ તૈયાર કરવામાં આવી રહ્યુંછે. તેમ ગામલોકોનું કહેવું છે. ગ્રામજનો કહે છે કે ત્યાં ચાલુ કામ દરમ્યાન આર.સી.સી.ના બદલે માટીનું પુરાણ કરવામાં આવ્યું છે.

ચોમાસાની સિઝનમાં ગરનાળુ પાણીમા ગરકાવ થઈ જાય છે. આવુ તકલાદી ગરનાળુ ચોમાસાની ઋતુમાં જ તંત્રની અને કોન્ટ્રાક્ટરની સાંઠગાંઠની પોલ ખોલશે તેમજ ગરનાળુ સિમેન્ટ, લોખંડ,કપચીવાળુ આર.સી.સી.થી બનાવે તો ટકાઉ રહે બાકી ઉતાવળે બનાવેલુ ગરનાળુ ક્યારે આફત નોંતરે તે કહેવાય નહીં.

## ગાંધીનગરનું ગગન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પતંગ-દોરી સહિત અન્ય એસસરીઝની પણ ધૂમ ખરીદી થઈ હતી. પતંગ રસિયાઓને પવનની દિશા અને દશા અનુકૂળ રહેતા મોજ પડી ગઈ હતી. પતંગોત્સવની મજા માણવા ઉપરાંત અગાસીમાં રણકતા સંગીત વચ્ચે પતંગરસિયાઓએ ઉંધીયાપાર્ટી ઉજવી હતી. ચટાકેદાર ઉંધિયા સાથે જલેબી તથા ચિક્કી, શેરડી, બોર અને તલના લાડુની લિજ્જત પણ માણી હતી. બે દિવસ દરમિયાન આકાશ અવનવા પતંગોથી કલરફૂલ જોવા મળ્યું હતું. જો કે પતંગ-દોરીની મજા વચ્ચે સેંકડો અબોલ પક્ષીઓએ સજા ભોગવવાનો વારો આવ્યો હતો. જીવદયા પ્રેમીઓની ઉમદા સેવાના લીધે ઈજાગ્રસ્ત પક્ષીઓને સારવાર આપી આકાશમાં નવી ઉડાન ભરાવવામાં આવી હતી. સાંજ ઢળતા જ અલ્ટ્રામોર્ડન બનેલા ઉત્તરાયણ પર્વમાં રંગબેરંગી ટુક્કલ, ગુબારા અને આતશબાજીનો જગમગાટ જોવા મળ્યો હતો.

## ભાવ વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થાનિક સસ્તો ગેસ ન મળવાને પરિણાને જીએસપીસી ગેસ સંપૂર્ણપણે આયાતી ગેસ ઉપર આધાર રાખે છે અને આવો આયાતી ગેસ તે કેન્દ્ર સરકાર દ્વારા ઉભી કરાયેલ પેટ્રોનેટ એલએનજી લિમિટેડ મારફતે મંગાવે છે. પેટ્રોનેટ એલએનજી આ આયાતી ગેસ આંતરરાષ્ટ્રીય કિંમતોને આધારિત ફોર્મ્યુલા અનુસાર પુરો પાડે છે અને તેની કિંમતો દર મહિને વધતી જાય છે. સ્પોટગેસની કિંમતોમાં આંતરરાષ્ટ્રીય બજારમાં સતત વધારો થઈ રહ્યો છે તે ઉપરાંત ભારતીય રૂપિયાની કિંમત અમેરીકન ડોલર સામે ઘટી રહી છે તેના કારણે ગેસની કિંમતોની પરિસ્થિતી ખૂબ વણસી ગયેલ છે.

## હાજરી આપી


● અનુસંધાન પહેલાનું ચાલુ

તરીકે ફાળવવામાં આવેલ બેઠક પર સ્થાન લીધું હતું. શ્રી અમીત ચૌધરી પંચાયતમાં પ્રવેશ્યા ત્યારે કર્મચારીઓ અને સાથી સભ્યોએ તેમને અભિનંદન આપી શુભેચ્છાઓ આપી હતી.

ધારાસભ્ય તરીકે ચૂંટાઈને પ્રથમ વખત પંચાયતની સામાન્ય સભામાં હાજરી આપવા આવેલા ચારેય ધારાસભ્યોનું જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભટ્ટે બુકે આપી સ્વાગત કર્યું હતું.

ધારાસભ્ય અને પંચાયતના સભ્ય શ્રી અમીત ચૌધરીએ કારોબારી સમિતિની પુનઃરચના અંગેનો પ્રથમ પ્રસ્તાવ રજુ કર્યો હતો. ગાંધીનગર (૩)ની બેઠક પરથી વિજયી થયેલા શ્રી અશોક પટેલે સભાના અંતે કેટલાક છુટા છવાયા ગામોના વિકાસની નહિ પણ સર્વાંગી વિકાસની ચિંતા કરવી જઈએ તેમ કહ્યું હતું.

## શબ્દાવલી - ૪૯૫૨



### આડી ચાવી

૧. પિચાશ જેવો અધમ માણસ (૫)
૪. કિર્તી (૨)
૫. દાળ-શાકમાં ચમચો ફેરવે તેને... કહેવાય (૪)
૭. ગન, પિસ્તોલ (૩)
૧૦. શોધ, તપાસ (૨)
૧૨. ચંપલ કે ગોળની એક પ્રખ્યાત જાત (૪)
૧૪. નનૈયો, ના પાડવી તે (૫)
૧૫. આંખને કિંમતી... પણ કહેવાય (૩)
૧૭. કેશ, ઝટીયા (૨)
૧૮. એક વાનગી (૫)
૨૧. બામ્બુ, મોટા લાકડા (૨)
૨૨. પુંછડી (૨)
૨૩. મઠ્ઠો, માખણ (૩)

### ઊભી ચાવી

૧. વિરપુરૂષ (૪)
૨. ચાહવું તે, ચાહના (૨)
૩. બુંગણ, જાડુ સફેદ કાપડ (૩)
૪. આવવું... સંસારનો નિયમ છે (૨)
૬. ભાર (૩)
૮. દુલ્હનનો પતિ (૨)
૯. એક સુગંધી દ્રવ્ય (૩)
૧૧. ... શબ્દ આગળ 'બે' અક્ષર લખો તો કામધંધા વગરનો એવો અર્થ થાય (૩)
૧૩. રિવાજ, પ્રથા (૫)
૧૬. નાડી, રગ (૨)
૧૭. ઢોરનું છાણ-મુતર વગેરે કચરો (૩)
૧૯. લટકો..., મટકવું તે (૩)
૨૦. વિચાર, મનસુબો (૩)

### શબ્દાવલી ૪૯૫૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉદારતા (૪) ખીજડો (૬) ધામ (૭) પલાણ (૯) કમાન (૧૦) તર (૧૧) ખયાનત (૧૨) આરામ (૧૩) ખેરખા (૧૫) સખત (૧૬) ડચકારો (૧૭) મારી (૧૮) જામર (૧૯) ભમરો (૨૦) ગુણ

**ઊભી ચાવી :-** (૧) ઉધાર (૨) ધામ (૪) તાપમાન (૪) ખીણ (૫) ડૉલર (૮) લાનત (૯) કયામત (૧૦) તગરકા (૧૧) ખરાખરી (૧૨) આસમાન (૧૩) ખેચર (૧૪) ખારો (૧૬) કમરો (૧૮) જામ

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



પાલનપુર શહેરમાં ઉત્તરાયણ પર્વ દરમ્યાન ઘાયલ પક્ષીઓની સારવાર માટે સેવાભાવી યુવકો દ્વારા ત્રણ દિવસ સુધી સારવાર કેમ્પનું આયોજન દિલ્હીગેટ (વિવેકાનંદ) ચોક ખાતે કરવામાં આવ્યું હતું. બનાસકાંઠાના એસ.પી. અશોક યાદવ દ્વારા કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કેમ્પ દરમિયાન હેલ્પલાઈનથી સેવા આપી ૩૯ પક્ષીઓને સારવાર અપાઈ હતી. જેમાં ૧૭ પક્ષીઓને સારવાર આપી ગગનમાં વિહાર માટે છોડી મુકવામાં આવ્યા હતા. અન્ય ૫ પક્ષી મૃત્યુ પામ્યા હતા. સતત ત્રણ વર્ષથી પ્રજેશ પઢીયાર, તેજસ પઢીયાર, ભાવના પઢીયાર, દિનેશકાકા, દયાલભાઈ સહિતના જીવદયાપ્રેમી યુવાનો દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવે છે. ઘાયલ પક્ષીઓની સારવાર દાંતીવાડા વેટરનીટી કોલેજના તાલીમી તબીબો દ્વારા કરવામાં આવે છે.

## સમિતિઓની પુનઃરચના

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિલા અને બાળ વિકાસ સમિતિ માટે શ્રી ગાંભુસિંહે કરેલી દરખાસ્તમાં શ્રીમતી રમીલાબેન પટેલ, જયોત્સનાબેન પટેલ, ઉષાબેન પટેલ, વિજયસિંહ ચાવડાના નામ સૂચવ્યા હતા. સમિતિઓની પુનઃરચના અંગેની દરખાસ્તો સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી. આ પછી સભાને અંતે જિલ્લા શિક્ષણ સમિતિમાં બે સભ્યોની નિયુકિત અંગે પ્રમુખ સ્થાનેથી પ્રસ્તાવ રજુ થયો હતો. જેમાં મંગળસિંહ સોલંકી અને શ્રી રામજીભાઈ ચૌધરીના નામની દરખાસ્ત રજુ થઈ હતી જે પણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી.

આજે આ સમિતિઓની પુનઃરચનામાં મહિલા સભ્યોને પ્રાધાન્ય આપવામાં આવ્યુંછે. પણ મહિલા અને બાળ વિકાસ સમિતિ સિવાય કોઈ સમિતિનું ચેરમેન પદ મહિલાને નહિ અપાય તેવા સંકેતો મળી રહ્યા છે.

શ્રીમતી જયોત્સનાબેન પટેલને આરોગ્ય સમિતિ ઉપરાંત મહિલા અને બાળકલ્યાણ સમિતિમાં મંગીબેન પટેલને અપીલ ઉપરાંત ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ તેમજ પંચાયતનું પ્રમુખપદ તેઓ સંભાળી રહ્યા છે. શ્રીમતિ ઉષાબેન પટેલને કારોબારી સમિતિ ઉપરાંત મહિલા અને બાળ વિકાસ સમિતિમાં સમાવાયા છે. આજ રીતે રમીલાબેન પટેલને પણ બાંધકામ અને મહિલા બાળ વિકાસ સમિતિમાં સ્થાન અપાયું છે.

કારોબારી સમિતિમાં ત્રણ મહિલા સભ્યોને સ્થાન આપવામાં આવ્યું છે. બાંધકામમાં બે મહિલા સભ્યો, ૨૦ મુદ્દા અમલીકરણમાં મહિલા સભ્યો, મહિલા-બાળ કલ્યાણ સમિતિમાં ત્રણ સભ્યોને સ્થાન અપાયું છે. જયારે અપીલ સમિતિમાં એક મહિલાને સ્થાન આપવામાં આવ્યું છે.

## સભ્યપદેથી રાજીનામું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રી રાઠોડે સમિતિઓની પુનઃ રચના બાદ ગણતરીની મિનિટોમાં જ રાજીનામુ ધરી દેતાં રાજકીય સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

શ્રી રાઠોડે રાજીનામુ આપ્યાની જાણ થતાં જ શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા અને શ્રી દિલીપભાઈ પટેલે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભટ્ટ સાથે બેઠક પણ કરી હતી પરંતુ શ્રી રાઠોડ રાજીનામુ આપી જિલ્લા પંચાયત છોડી જતા રહ્યા હતા. તેમણે રાજીનામાના મુદ્દે અન્ય સભ્યો સાથે વાત કરવાનું પણ ટાળ્યું હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન વિધાનસભાની ચૂંટણી પછી રાજીનામુ આપી દેનાર શ્રીમતિ ઉષાબેન પટેલને કારોબારી સમિતિ તેમજ મહિલા બાળકલ્યાણ સમિતિનું સભ્યપદ આપવામાં આવ્યું છે. આરોગ્ય સમિતિના ચેરમેન વિજયસિંહ ચાવડાને આરોગ્યને બદલે કારોબારીમાં સમાવાયા છે. તો હિનાબેન પટેલ અને રમીલાબેન પટેલને બાંધકામ સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું છે.

સમિતિઓની પુનઃ રચનામાં મહિલાઓને મહત્વના સ્થાન આપવામાં આવ્યા છે. કારોબારી સમિતિમાં ૪ સભ્યોને ચાલુ રાખવામાં આવ્યા છે. આજે શિક્ષણ સમિતિમાં બે સભ્યોને નિયુક્ત કરવામાં પણ ગાંધીનગર અને દહેગામ તાલુકામાંથી પસંદગી કરાઈ છે.

## પ્રજાસત્તાક દિનના કાર્યક્રમ પૂર્વે વિકાસકામોના લોકાર્પણ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

આવતીકાલે મળનારી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં આગામી ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક પર્વની ઉજવણી પૂર્વે જિલ્લા તાલુકા મથકોએ વિકાસકાર્યોના લોકાર્પણ અને કાતમુહૂર્તના કામો હાથ ધરવા માટેની કામગીરીઓ મંત્રીઓને સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાતમાં સત્તારૂઢ ભાજપ સરકારે ૧૫મી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરીના કાર્યક્રમમાં જુદા જુદા જિલ્લા અને તાલુકા મથકોએ ઉજવવા માટેનો અભિગમ અપનાવ્યો છે.

કાર્યક્રમ પૂર્વે જે તે જિલ્લા તાલુકા મથકોએ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તો કરીને વિકાસકાર્યો પણ હાથ ધરવામાં આવતા હોય છે. જે અનુસાર આ વર્ષે પણ આગામી ૨૬મી જાન્યુઆરીની ઉજવણી પૂર્વે એક સપ્તાહ દરમ્યાન રાજ્યના વિવિધ જિલ્લાઓ અને તાલુકા મથકોએ મંત્રીઓના હસ્તે વિકાસ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણના કાર્યક્રમો હાથ ધરવા માટે આવતીકાલે મળનારી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં મંત્રીઓને સૂચનાઓ આપીને જવાબદારી સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## પક્ષીપ્રેમની પરાકાષ્ઠા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુક્ત તળાવમાં જેકેટ પહેરી તરતા તરતા બાવળ સુધી પહોંચ્યા હતા અને બાવળ ઉપર ચડી બે બગલાઓને દોરી વીંટળાઈ હતી તેમાંથી કાઢ્યા હતા અને ગાંધીનગર લાવી સારવાર આપી હતી. લીલયુક્ત, કાદવ યુક્ત અને શૌચયુક્ત આ ગંદા પાણીમાં જવા બે પક્ષીપ્રેમી યુવાનો તૈયાર થયા હતા અને દોરડુ પકડીને બાવળ સુધી પહોંચાડ્યા હતા. જે ખૂબ જ સરાહનીય અને પક્ષી પ્રેમીની પરાકાષ્ઠા બતાવે છે.